GJSK060005512025

## રેગ્યુલર દિવાની મુકદમા નં. ૯/૨૦૨૫ ના કામે
## વાદી તર્ફે આંક : ૫ ની અરજી લગત હુકમ

(૧) સદર કામના વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમની માંગણી કરતો કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, વાદીના ભાગની મોજે ગામ : કણાદર, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાના જુના સર્વે નં. ૬૦૫, જેનો નવો સર્વે નં. ૮૯૮માં પ્રતિવાદીઓ ધ્વારા વાદીના ભાગની જમીનમાં ગેરકાયદેસર રીતે બંન્ને બાજુથી ત્રણ – ત્રણ મીટર જેટલુ દબાણ કરેલ છે, તે દબાણ દૂર કરવા જુના સર્વે નં. ૬૦૭ કે જેનો નવો સર્વે નં. ૮૮૮ આવેલ છે, તેમાં મિલ્કત વેરા નં. ૧૪૧૯ થી વાદીનું મકાન ચાલે છે, તે મકાન વાદીની મંજુરી વગર ગેરકાયદેસર રીતે તોડી પાડેલ છે અને તે જગ્યાએ પ્રતિવાદીઓ ચંદુ સુરજી, શૈલેષ સુરજી, મગન સુરજી મકાનો બનાવવાનું બાંધકામ ગેરકાયદેસર રીતે શરુ કરેલ છે, તે ગેરકાયદેસર કામ તાત્કાલીક ધોરણે રોકવા કાયમી મનાઈ હુકમની માંગણી કરેલ છે.

વાદીએ દાવા અરજી સાથે હાલ અરજી આંક–૫ થી રજુ રાખી માંગણી કરેલ છે કે, વાદીના ભાગની મોજે ગામ : કણાદર, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાના જુના સર્વે નં. ૬૦૫, જેનો નવો સર્વે નં. ૮૯૮માં પ્રતિવાદીઓ ધ્વારા વાદીના ભાગની જમીનમાં ગેરકાયદેસર રીતે બંન્ને બાજુથી ત્રણ – ત્રણ મીટર જેટલુ દબાણ કરેલ છે, તે દબાણ દૂર કરવા જુના સર્વે નં. ૬૦૭ કે જેનો નવો સર્વે નં. ૮૮૮ આવેલ છે, તેમાં મિલ્કત વેરા નં. ૧૪૧૯ થી વાદીનું મકાન ચાલે છે, તે મકાન વાદીની મંજુરી વગર ગેરકાયદેસર રીતે તોડી પાડેલ છે અને તે જગ્યાએ પ્રતિવાદીઓ ચંદુ સુરજી, શૈલેષ સુરજી, મગન સુરજી મકાનો બનાવવાનું બાંધકામ ગેરકાયદેસર રીતે શરુ કરેલ છે, તે ગેરકાયદેસર કામ તાત્કાલીક

ધોરણે રોકવા વાદીના લાભમાં કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અંગેની દાદની માંગણી કરેલી છે.

**(૨).** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદીઓ એક જ કુટુંબના છે તથા કણાદર ગામે રહે છે, મોજે ગામ : કણાદર, તા.વિજયનગરના જુના સર્વે નં. ૬૦૭, નવો સર્વે નં. ૮૮૮ વાળી ખેતીલાયક જમીન તથા અન્ય જમીન જેનો જુનો સર્વે નં. ૬૦૫, નવો સર્વે નં. ૮૯૮ ખેતીલાયક જગ્યા છે, જેનું ક્ષેત્રફળ : હે.આરે.ચો.મી. ૦૧–૩૬–૦૪ તથા ૦–૬૬–૫૭ છે. આ જમીન તેઓના દાદા શ્રી ભરાડા નાથાજી કાળાજીના નામે ચાલતી હોઈ, તેઓનું અવશાન આશરે ૭૦ વર્ષ અગાઉ થયેલ હોવાથી વારસાઈ નોંધ એન્ટ્રી નંબર : ૨૦૧ થી વાદી તથા પ્રતિવાદીઓના નામ દાખલ કરેલ છે. વાદી તથા પ્રતિવાદીઓ સંયુકત ખેતીની જમીનમાં આશરે ૪૦ વર્ષથી ખેતીકામ કરતા આવેલા છે. વાદીઓ આદિવાસી સમાજના હોવાથી ગામજનો તથા કુટુંબીજનો ધ્વારા દોરી લઈ જમીનની માપણી કરી, સરખા હિસ્સા કરી, ખેતી કરતાં આવેલ છે. સર્વે નં. ૮૮૮ તથા ૮૯૮ સરખા હિસ્સા કરી ખેતી કરતા આવેલા છે. આ કામના પ્રતિવાદીઓએ નકકી કરેલ કે, એક સર્વેયર બોલાવી બંન્ને સર્વે નંબરો ૮૮૮ તથા ૮૯૮ ના સરખા હિસ્સા કરી, જેથી વાદી સંમત થયેલ. વાદીના નામે ચાલતુ ઘર સર્વે નં. ૮૮૮ માં આવેલ છે, તે મકાન જમીનની વહેંચણીમાં વઘ–ઘટ થાય તો મંજુરી લઈને આપવાનું નકકી કરેલ છે. તે માટે વાદી – પ્રતિવાદીઓએ તારીખ : ૮–૨–૨૦૨૪ના રોજ સમજુતી લેખ તૈયાર કરેલ છે તથા અન્ય લેખ તારીખ : ૧૯–૫–૨૦૨૪ના રોજ સમજતુતી કરાર લેખ તૈયાર કરેલ છે. તારીખ : ૨–૧૨–૨૦૨૪ના રોજ નોટરી રુબરુ સમજુતી કરાર કરાવામાં આવેલ છે. વાદી – પ્રતિવાદીઓની સહી, સરપંચશ્રીની સહી તથા અન્ય ગ્રામજનોની સહીઓ કરવામાં આવેલ છે, આ નોટરી રુબરુના સમજુતી કરારમાં બંન્ને જમીન એટલે કે, સર્વે નં. ૮૮૮ તથા ૮૯૮ માં સરખા ત્રણ હિસ્સા કરી વાદીનું મકાન જે સર્વે નં.૮૮૮ મ્રાં આવેલ છે, તે વઘ–ઘટ કરી મજુરી લઈ

આપવાનું નકકી કરેલ છે. સર્વેયરની હાજરીમાં તારીખ : ૨–૧૨–૨૦૨૪ના રોજ સર્વે કરવામાં આવેલ છે, પરંતુ પ્રતિવાદીઓએ પોતાની મેલી મુરાદ હોવાથી ખાનગી રાહે ચાર–પાંચ દિવસ પછી સર્વેયરને પાછો બોલાવી તા.૨–૧૨–૨૦૨૪ના રોજ કરેલ સમજુતી કરારનો ભંગ કરેલ છે. તથા કણાદર સરપંચની ગેરહાજરી તથા કુટુંબી આગેવાનોની ગેરહાજરીમાં ફરી સર્વે કરાવી વાદીના ભાગની જમીન સર્વે નં. ૮૯૮ માં બંન્ને બાજુથી ત્રણ–ત્રણ મીટરની ગેરકાયદેસર દબાણ કરી જમીન માપણી કરી પત્થર નાંખી દીધેલ છે. વાદીના નામનું મકાન જે સર્વે નં. ૮૮૮ માં આવેલ છે તે મકાન વાદીની મંજુરી વગર તથા તલાટીની એન.ઓ.સી. લીધા વગર ગેરકાયદેસર રીતે તોડી પાડેલ છે અને પ્રતિવાદીઓએ વાદીના મકાનની જગ્યા ઉપર પોતાનું નવુ મકાન બાંધવાનું શરૂ કરેલ છે. તે મકાનમાં ચંદુ સુરજી, શૈલેષ સુરજી અને મગન સુરજીનો હિસ્સો છે. વાદી તથા પ્રતિવાદીઓ એક જ કુટુંબના હોવાથી પ્રતિવાદીઓને સમજાવેલ પરંતુ પ્રતિવાદીઓએ કોઈ વાત રાખેલ નથી, ઉલ્ટાનુ વાદીને ધાક–ધમકીઓ આપે છે અને કહે છે કે, તમારાથી થાય તે કરી લેજો, અમો દબાણ દૂર કરીએ નહીં. આજે પણ નહીં અને કાલે પણ દૂર નહીં કરીએ અને તારૂ મકાન તોડીને નવું મકાન બનાવીને તમોને બતાવી દઈશુ. જેથી વાદીએ તારીખ : ૬–૧–૨૦૨૫ના રોજ તલાટી કણાદરને તેઓનુ મકાન પાડવા બાબતે લેખિત ફરીયાદ આપેલ અને તારીખ : ૨૭–૧–૨૦૨૫ના રોજ ચિઠોડા પોલીસ સ્ટેશને લેખિત ફરીયાદ આપેલ છે. પ્રતિવાદીઓ ખૂબ જ જનુની સ્વભાવના છે અને કાયદાનુ પાલન કરતાં નથી અને વાદીને અગાઉથી હેરાન પુરસાન કરતા હોઈ, વાદીએ હાલનો દાવો અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

(૩). વાદીની દાવા અરજી તથા હાલની અરજી અંગે પ્રતિવાદી ઓને સમન્સ–નોટીસ કરતાં પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે, તથા આંક–૨૩ થી લેખિત વાંધા–જવાબ રજુ રાખેલ છે તથા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની મહદઅંશે તમામ હકીકતોનો ઈન્કાર કરી એવું જણાવેલ છે કે, વાદીએ પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ હકીકતો જેવી કે, પ્રતિવાદીઓ ધ્વારા વાદીના

ભાગની જમીનમાં ગેરકાયદેસર રીતે ત્રણ–ત્રણ મિટર જેટલુ દબાણ કરેલાની હકીકત ખોટ્ટી અને ઉપજાવી કાઢેલ છે તેમજ સર્વે નં. ૮૮૮ માં આવેલ મકાન વાદીની મંજુરી વગર ગેરકાયદેસર રીતે તોડી પાડી તે જગ્યામાં પ્રતિવાદી નં.૧ થી ૩ના મકાનો બનાવવાનું બાંધકામ ગેરકાયદેસર રીતે શરુ કરેલાની હકીકત ખોટ્ટી અને ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદીઓના જે મકાનો બનાવવામાં આવેલ છે તે વાદીની જાણમાં અને તેઓની સંમતિથી બનાવવગામાં આવેલ છે અને હાલમાં કોઈ મકાનનું બાંધકામ ચાલતુ નથી, જેથી બાંધકામ તાત્કાલીક ધોરણે રોકવા માટેનો મનાઈ હુકમ મેળવવા અંગેની વાદીની દાદ યોગ્ય અને કાયદેસરની નથી. જેથી પણ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ના–મંજુર યા'ને રદ કરવા અરજ કરેલ છે.

(૪). વાદી તથા પ્રતિવાદીઓ પક્ષ તર્ફે હાલના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**<u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧. | તા.૮–૨–૨૦૨૪ના રોજનો સમજુતી કરારની નકલ. | નિ.૪/૧ |
| ૨. | તા.૧૯–૫–૨૦૨૪ના રોજનો સમજુતી કરારની નકલ. | નિ.૪/૨ |
| ૩. | તા.૨–૧૨–૨૦૨૪ના રોજ નોટરી રુબરુ કરેલ સમજુતી કરારની નકલ. | નિ.૪/૩ |
| ૪. | તલાટીશ્રી કણાદરનાઓને મકાન તોડવા બાબતે આપેલ અરજીની નકલ. | નિ.૪/૪ |
| ૫. | ચિઠોડા પો.સ.ઈન્સ્પે.શ્રીને આપેલ લેખિત અરજીની નકલ. | નિ.૪/૫ |
| ૬. | પેઢીનામાની નકલ. | નિ.૪/૬ |
| ૭. | વાદીના ઘરની મિલ્કત વેરાની પહોંચ નં.૧૪૧૯ની નકલ. | નિ.૪/૭ |
| ૮. | વાદીના ઘરની મિલ્કત વેરાની પહોંચ નં.૧૪૧૯ની નકલ. | નિ.૪/૮ |
| ૯. | વાદીના ઘરની મિલ્કત વેરો બાકી ન હોવા અંગેનો દાખલો. | નિ.૪/૯ |
| ૧૦. | વાદીનું રેશન કાર્ડની ઝેરોક્ષ નકલ. | નિ.૪/૧૦ |
| ૧૧. | વાદીના જાતિ અંગેના પ્રમાણ પત્રની નકલ. | નિ.૪/૧૧ |

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧૨. | વાદીના ચૂંટણી કાર્ડની નકલ. | નિ.૪/૧૨ |
| ૧૩. | વાદીના પતિના મરણ અંગેના દાખલાની નકલ. | નિ.૪/૧૩ |
| ૧૪. | વાદીના આધાર કાર્ડની નકલ. | નિ.૪/૧૪ |
| ૧૫. | વાદીનું મકાન તોડી પાડેલ તેના ફોટોગ્રાફ્સ. | નિ.૪/૧૫ |
| ૧૬. | સર્વે નં. ૮૮૮ તથા સર્વે નં. ૮૯૮ના ૮-અ, ૭-૧૨ના ઉતારાની નકલો. | નિ.૪/૧૬ |

**<u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

પ્રતિવાદી પક્ષ તર્ફે કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૫). વાદી પક્ષ તર્ફે હાલના કામે તેઓના વિ.વ.શ્રી એસ.બી. લટાની મૌખિક દલીલો સાંભળેલ છે, જેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે દાવાવાળી જમીનમાં હિસ્સા પડી ગયેલ હોવા છતાં, પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ધ્વારા તેઓના હિસ્સાની જમીનમાં બંન્ને તરફથી ત્રણ-ત્રણ ફુટનું દબાણ કરેલ છે તથા સર્વે નં. ૮૮૮ માં આવેલ વાદીની માલીકીના મકાનને ગેરકાયદેસર રીતે તોડી તેઓ ધ્વારા નવીન મકાન બનાવવાનું કામ-કાજ શરુ કરેલ હોઈ, જેથી વાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન જાય તેમ હોઈ, વાદીની તરફેણમાં મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

પ્રતિવાદીઓ તર્ફે પક્ષ તર્ફે હાલના કામે તેઓના વિ.વ.શ્રી એમ.એસ. ભગોરાની મૌખિક દલીલો સાંભળેલ છે, જેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજી મુજબ પ્રતિવાદીઓ ધ્વારા કોઈ દબાણ કરવામાં આવેલ નથી કે, કોઈ નવીન મકાનનું બાંધકામ શરુ કરવામાં આવેલ નથી તથા વાદીએ પોતાની મનાઈ અરજીમાં કોઈ સ્પષ્ટ દાદની માંગણી કરેલ ન હોઈ, વાદીની મનાઈ અરજી ના-મંજુર કરવા અરજ કરેલ છે.

(૬). પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષ નિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લીધેલ છે.

(૭). વચગાળાનો મનાઈ હુકમ એ એક સમન્યાયી દાદ છે. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો પડે, તથા સગવડતા તથા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે, તે પુરવાર કરવુ પડે તથા જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો, વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જશે તે હકીકત પુરવાર કરવી પડે. મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વગર સ્વચ્છ હાથે આવવુ જોઈએ. આમ, સદરહુ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલની અરજીએ પરિપ્રેક્ષ્યમાં કેટલા અંશે આવે છે, તે જોઈશું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ તબકકે આ કોર્ટ ધ્વારા માત્ર દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઈ રહ્યા હોઈ, ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Application No. 2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમ્યાન મનાઈ હુકમ અંગેની અરજી અંગે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ, પ્રથમ દર્શનીય કેસ, નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને સગવડતા અગવડતાનું પલડું ઉપર નિર્ણય કરવાની હોય છે. આ ત્રણ મર્યાદિત મુદ્દાઓ કોર્ટે આ અરજીના નિર્ણય માટે ચકાસવાના રહે છે.

(૭). હવે દાવો લાવનાર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ, તે ચકાસીએ તો વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, મોજે : કણાદર ગામની સીમના સર્વે નં. ૮૮૮ તથા ૮૯૮ વાળી જમીનના વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે ત્રણ સરખા હિસ્સા પાડવામાં આવેલ છે અને તે અંગેનું લખાણ કરવામાં આવેલ છે. જે સંદર્ભે હાલના કામે રજુ નિ.૪/૧, ૪/૨ તથા ૪/૩ વાળા દસ્તાવેજો ધ્યાને લઈએ તો

તે દસ્તાવેજો મુજબ વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે ત્રણ હિસ્સા પાડવા અંગે સમજુતી કરાર થયેલાનું જણાઈ આવે છે, સદરહુ સમજુતી કરાર ધ્યાને લેવામાં આવે તો વાદી તથા પ્ર તિવાદીઓ વચ્ચે કેટલા કેટલા માપની એટલે કે, કેટલા ક્ષેત્રફળવાળી જમીનો પોત પોતાના હિસ્સાની આવેલ છે, તે મુજબનું કોઈ ચોકકસ તેમજ સ્પષ્ટ માપ સદરહુ સમજુતી કરારોમાં દર્શાવેલ નથી. વધુમાં હાલના કામે રજુ નિ.૪/૧૬ વાળા દસ્તાવેજો ધ્યાને લેતાં તે દાવાવાળી જમીનોની રેવન્યુ રેકર્ડની નકલો હોવાનું જણાઈ આવે છે, જે નકલો મુજબ સદરહુ દાવા વાળી જમીનોમાં વાદી તથા પ્રતિવાદીઓ સિવાય અન્ય લોકોના નામો પણ દાખલ થયેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં વાદી ધ્વારા પોતાની દાવા અરજી કે મનાઈ અરજીમાં એવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી કે, અન્ય સહ હિસ્સેદારોના નામો કે હકકો દાવા વાળી જમીનોમાં કમી કરવામાં આવેલ છે કે કેમ. વધુમાં હાલના દાવાવાળી જમીન ખેતીલાયક જમીન આવેલ હોઈ, વાદી ધ્વારા નિ.૪/૭, ૪/૮ વાળા દસ્તાવેજો રજુ રાખી એવુ જણાવેલ છે કે, આ દાવાવાળી જમીનમાં તેઓની માલીકીનું મકાન આવેલ છે, પરંતુ સદરહુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદરહુ મકાન નં.૧૪૧૯ જણાવવામાં આવેલ છે, પરંતુ આ મકાન દાવાવાળી ખેતીની જમીનમાં આવેલ હોય તે હકીકત પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી નથી. વધુમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ધ્યાને લેતાં પ્રતિવાદીઓએ વાદીના હિસ્સાની જમીનમાં ચોકકસ કઈ દિશાઓ તફથી દબાણ કરેલ છે, તેવું પણ સ્પષ્ટ પણ જણાવેલ નથી. વધુમાં વાદીએ પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીમાં સરખી દાદની માંગણી કરેલ છે. આમ, જયારે મનાઈ અરજીમાં માંગેલ દાદ જો મંજુર કરવામાં આવે તો દાવાનો આખરી નિકાલ આવી જાય તેવી સ્થિતિ ઉત્પન્ન થતી હોઈ, તે સંજોગોમાં પણ વાદીની મનાઈ અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તેમ મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો ન હોઈ, તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં ન હોઈ અને મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન ન થાય તેમ હોઈ તથા વાદી તથા પ્રતિવાદીઓ સિવાય દાવા વાળી જમીનના અન્ય સહ માલીકો પણ હોય, તે તમામ સંજોગો

ધ્યાને લેતાં હાલના તબકકે વાદીની તરફેણમાં કોઈપણ હુકમ કરવો સલામતી ભર્યો જણાઈ આવતો નથી.

(૮). ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમન્યાયી દાદ મેળવવાના કોઈ આવશ્યક તત્વો વાદીની તરફેણમાં જણાઈ આવતાં ન હોઈ, વાદીની હાલની અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી ન હોઈ, વાદીની હાલની મનાઈ અરજી પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

**૧).** વાદીની હાલની આંક–પની અરજી આથી ના–મંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨).** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ : ૧૫મી, માહે : નવેમ્બર, સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

( સહી/– અવાચ્ય )

સ્થળ : વિજયનગર.
તારીખ : ૧૫/૧૧/૨૦૨૫.

**( મોહમદસરફરાઝ અબ્દુલકાદર શેખ )**
**પ્રિન્સીપાલ સીવીલ જજ – વિજયનગર**
**( જી.જે.૦૧૬૨૮ )**